**ફો.પ.અ.નં.૧૮૮/૨૦૨૬ ના કામે અરજદારની બી.એન.એસ.એસ.ની કલમ–૫૦૩ મુજબ ની અરજી લગત આંક–૦૧ હેઠળ હુકમ ::–**

---

અરજદારની હાલની અરજી વંચાણે લીધી. અરજદાર તથા વિદ્વાન એ.પી.પી.શ્રીને સાંભળ્યા, રજૂ દસ્તાવેજો ધ્યાને લીધા. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તેમજ રજૂ દસ્તાવેજો લીધા.

હાલના અરજદારે તેઓની અરજીમાં રજૂઆત કરેલ છે કે, તેઓ અરજીમાં જણાવ્યા મુજબના સરનામે હાલમાં રહે છે તથા તેઓની સાથે સાયબર ક્રાઈમનો બનાવ બનેલ જે બનાવમાં તેઓના અરજીમાં જણાવ્યા મુજબ બેંક ખાતામાંથી રૂપિયા ઉપડી ગયેલ હોય, જે નાણાંકીય ફ્રોડનો બનાવ બનેલ અને જે બાબતે તેઓએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ નંબર ઉપર કોલ કરીને ફરિયાદ નોંધાવેલ હતી. ત્યારબાદ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા તેઓના ગયેલ નાણાં પૈકીના અરજીમાં જણાવ્યા મુજબના રૂપિયા બી.એન.એસ.એસ. ની કલમ–૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ હતા. જે હાલ સુધી સદર બેંકમાં જેમના તેમ પડી રહેલ છે અને તેઓને પરત મળેલ નથી. અરજદારે વધુમાં જણાવેલ છે કે, આ બાબતે એફ. આઈ. આર. થયેલ નથી. તેઓને ખુબજ મોટું આર્થિક નુકશાન થયેલ હોય તથા તેઓને ગુજરાન ચલાવવા માટે સદર રૂપિયાની જરૂર હોય સદર નાણાં તેઓના ખાતામાં પરત અપાવવા માટે બી.એન.એસ.એસ.ની કલમ–૫૦૩ મુજબ યોગ્ય તે હુકમ થવા અરજ કરેલ છે.

અરજદારની અરજી સબબ તપાસ કરનાર એટલે કે પોલીસ ઈન્સ્પેકટર, સાયબર ક્રાઈમ, પોલીસ સ્ટેશન, ગીર–સોમનાથનાઓને સદર ગુન્હા બાબતે તમામ પેપર્સ સહિત સ્પષ્ટ અભિપ્રાય રજૂ કરવા હુકમ કરવામાં આવેલ. જે અન્વયે પોલીસ ઈન્સ્પેકટર, સાયબર ક્રાઈમ, પોલીસ સ્ટેશન, ગીર–સોમનાથનાઓએ તેઓનો અભિપ્રાય રજૂ કરેલ છે. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તથા લગત કાગળો ધ્યાને લેતાં તેઓએ જણાવેલ છે કે, સદરહુ ખાતું સીઝ કર્યા બાદ શંકાસ્પદ બેંક ખાતેદાર કે અન્ય કોઈ વ્યકિતએ ખાતુ સીઝ કર્યા બાબતે તેઓ (પોલીસ) સમક્ષ કોઈ વાંધા તકરાર લીધેલ નથી. જેથી તે રૂપિયા અરજદારશ્રી ને પાછા આપવા તેઓનો અભિપ્રાય થાય છે.

સદર કામે અરજી સાથે રજૂ કરવામાં આવેલ બેંક પેપર્સની નકલ ધ્યાને લેતાં તેમજ તપાસ કરનાર અમલદાર દ્વારા રજૂ કરવામાં આવેલ અભિપ્રાય તથા તેને લગત કાગળો ધ્યાને લેતાં તે હકીકત સ્પષ્ટ થાય છે કે, અરજદારના ઉપર જણાવ્યા મુજબના ખાતામાંથી નાણાં ઉપડી ગયેલ હોવાનું તથા શંકાસ્પદ બેંકના ખાતામાં ટ્રાન્સફર થયાનું હાલના તબકકે સ્પષ્ટ જણાઈ આવે છે. તદઉપરાંત રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતાં હાલના કામે આજદીન સુધી કોઈ એફઆઈઆર થયેલ હોય કે હાલના કામે કોઈની ધરપકડ કરવામાં આવેલ હોય તેમ જણાઈ આવતું નથી. તેમજ બનાવ બન્યે આટલો લાંબો સમય પસાર થયેલ હોવા છતાં આજદિન સુધી અરજદાર સિવાય અન્ય કોઈએ સદર નાણાં અત્રેની અદાલત સમક્ષ માંગણી કરતી કોઈ અરજી કરેલ નથી. તદઉપરાંત તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય ધ્યાને લેતાં

તેઓ સમક્ષ પણ કોઈએ આ નાણાંની માંગણી કરેલ હોય તેમ જણાતું નથી. તેમજ તપાસ કરનાર અમલદાર દ્વારા સદરહુ ખાતું સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો અન્ય કોઈ વ્યકિતએ ખાતું સીઝ કર્યા બાબતે તેઓ (પોલીસ) સમક્ષ કોઈ વાંધા તકરાર લીધેલ નથી. જેથી તપાસ કરનાર અમલદાર દ્વારા સદર નાણાં અરજદારશ્રીને પાછા આપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. જેથી અત્રેની અદાલતના માનવા મુજબ હાલના અરજદાર સદર નાણાં નો કબજો મેળવવા હકકદાર હોવાનું જણાય છે.

આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ સદર કેસની તમામ હકીકત, સંજોગો તથા રજૂ દસ્તાવેજો ધ્યાને લેતાં સદર નાણાં બેંકમાં જમા હોય તેથી સદર રોકડ રકમના દર તેમજ સીરીયલ નંબર બાબતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.તેમજ ભવિષ્યે પણ મુદ્દામાલની ઓળખ બાબતની કોઈ તકરાર કે પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ નથી. વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. ગુજરાત રાજ્ય, ૨૦૦૩(૧) જી.એલ.એચ. પાના નંબર ૩૦૭ ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં પણ ઉપરોકત જણાવેલ કારણોસર હાલની અરજી મંજૂર કરવા પાત્ર જણાતી હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુકમ :-</u>**

અરજદારની અરજી આથી બી.એન.એસ.એસ.ની કલમ-૫૦૩ હેઠળ આથી મંજૂર કરવામાં આવે છે.

સદર ગુન્હાના કામે સીઝ કરવામાં આવેલ નીચે મુજબના કોષ્ટકની અભિપ્રાય વાળી રોકડ રકમ પુરાના દોઢી રકમના જાત જામીન(બોન્ડ) તથા તેટલી જ રકમના સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેથી જે તે ખાતાધારકનું વેરીફાઈ કરી ખાતાધારકને આ કેસના આખરી નિકાલ સુધી નીચેની શરતોને આધિન વચગાળાની કસ્ટડી સ્વરૂપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, હુકમ કરવામાં આવે છે કે, હુકમ મુજબના જાત જામીન (બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેથી પોલીસ અધિકારી દ્વારા તે મતલબની જાણ તથા સદર હુકમ ની જાણ જે તે બેંકને કરવી તેમજ (1) ICICI Bank ને હુકમ કરવામાં આવે છે કે, તેઓને પોલીસ અધિકારી દ્વારા અરજદારે હુકમ મુજબના જાત જામીન(બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેલ હોવાની તથા સદર હુકમની જાણ મળ્યેથી દિન-૧૦ માં સહ જણાવવાનું કે અરજદાર શ્રી નાઓના સામાવાળા શંકાસ્પદ બેંક (1) ICICI Bank ના એકાઉન્ટ નં.243701505306 માં અરજદારના જે રૂ.27934 જમા છે તે રકમ State Bank Of India ના એકાઉન્ટ નં.32724421522 માં જમા કરાવી તેની જાણ અત્રેની અદાલતને તથા લગત પોલીસ સ્ટેશનને કરવી.

**<u>શરતો :–</u>**

(૧) અત્રેની અદાલત જ્યારે ફરમાવે ત્યારે અરજદારે આ નાણાં અદાલત સમક્ષ રજૂ કરવાના રહેશે.

(૨) ઉપરોકત ખાતાધારક વ્યકિત કે અન્ય કોઈ વ્યકિત સદર નાણાં પર ક્લેઈમ કરે અને પોતાનો હક્ક/હિત પુરવાર કરે તેવા સંજોગોમાં અરજદારે સદર રકમ પરત કરવાની રહેશે.

હુકમ આજ તા.૧૪, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળઃ ગીર સોમનાથ
તારીખઃ૧૪/૦૩/૨૦૨૬

**(પ્રીતેશ ઉપેન્દ્રકુમાર અંધારિયા)**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ, મું.વેરાવળ.
(કોડ નં. જીજે ૦૧૧૧૯)

Nikhila, P.A. (Guj.Steno.)